بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ ,તા.12-08-2016 સ્થળ : હદીકતુલ મહદી યૂ.કે.

**આજે અલ્લાહ તઆલાના ફઝલથી જમાઅત અહેમદિયા બર્તાનિયાનો વાર્ષિક જલસો શરૂ થઇ રહ્યો છે જલસામાં આવનારે જલસાના પ્રોગ્રામો શાંતિપૂર્ણ સાંભળવા જોઇએ. જે ધ્યાનથી નથી સાંભળતો તે ભલેને લાંબા સમય સુધી લાભદાયી અસ્તિત્વની સંગતમાં રહે તેને કોઇ લાભ નથી પહોંચી શકતો.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

આજે અલ્લાહ તઆલાના ફઝલથી જમાઅત અહેમદિયા બર્તાનિયાનો વાર્ષિક જલસો શરૂ થઇ રહ્યો છે. ઈન્શાઅલ્લાહ સાંજે તેનું નિયમ અનુસાર પ્રારંભ થશે. અલ્લાહ તઆલા સામેલ થનાર તમામ લોકોને આ આશા પર પુરા ઉતરનાર બનાવે જે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ જલસામાં સામેલ થનારથી રાખી છે અને તમામ સામેલ થનારને આ દુઆઓનો વારસદાર બનાવે જે હઝરત મસહ મૌઉદ અ.સ.એ જલસામાં સામેલ થનાર માટે કરી છે. આ તો પ્રત્યેક અહેમદી જાણે છે અને તેને જ્ઞાન પણ હોવું જોઇએ અને આ વાતનો વિશેષ રૂપમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.એ વર્ણન કર્યુ છે કે જલસામાં સામેલ થવું કોઇ દુન્યવી મેળામાં સામેલ થવું નથી માટે પ્રત્યેક સામેલ થનારએ આ દિવસોમાં પોતાના ધ્યાનનું કેન્દ્ર દીની ઇલ્મ અને રૂહાની ઉન્નતિ બનાવવું જોઇએ બલ્કે આપ અ.સ.એ તે લોકોથી ખુબ નારાજગી જાહેર કરી છે જે આ વિચાર સાથે જલસામાં સામેલ નથી થતો.

જલસામાં આવનારે જલસાના પ્રોગ્રામો શાંતિપૂર્ણ સાંભળવા જોઇએ.એક સમિતિ ભાષણના વિષયો સલાહ માટે મોકલે છે તેમાંથી હું સાત,આઠ વિષયોનો ફેંસલો કરૂ છું અને પસંદ કરેલ વિષયો નિયુકત લોકો મોકલવામાં આવે છે અને તેઓ કેટલાક દિવસો બલ્કે અમુક તો મહિનાઓ સુધી પોતાના ભાષણો તૈયાર કરવામાં લગાવે છે અને ઓછા સમયમાં ખુબ મહેનતથી આ વિષયો પેશ કરવાનો પ્રયત્ન કરે છે,માટે પ્રત્યેકે આ વાતનો ખ્યાલ રાખવો જોઇએ કે નિયુકત અને જ્ઞાનીઓ એટલો સમય વ્યતિત કરીને મહેનત કરીને જે વાતો તૈયાર કરે છે તેને ધ્યાનથી સાંભળે અને પછી યાદ પણ રાખે. હું સમજુ છું કે જો સાંભળનાર પુરુષ પણ અને સ્ત્રીઓ પણ આ ભાષણોનો પચાસ ટકા પણ યાદ રાખીલે તો તેમના દીની ઇલ્મ અને રૂહાની ધોરણને ઉચ્ચ બનાવી શકે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ એક સ્થાને ફરમાવ્યું કે બધાંએ ધ્યાનપૂર્વક સાંભળવું જોઇએ,ફરમાવ્યું કે ધ્યાન પૂર્વક સાંભળો કારણ કે આ મામલો ઇમાનનો છે આમાં સુસ્તી,ગફલત અને બેપરવાઇ ખુબ જ ખરાબ પરિણામ પૈદા કરે છે. જે લોકો ઇમાનમાં ગફલતથી કામ લે છે અને જ્યારે તેમને સંમૂખ થઇ કોઇ વાત કહેવામાં આવે તો ધ્યાનથી નથી સાંભળતાં તેમને બયાન કર્તાના બયાનથી ભલેને તે ઉચ્ચ દરજ્જાનો લાભદાયક અને અસરદાર કેમ ન હોય કાઇ ફાયદો નથી થતો. ફરમાવ્યું કે એવા લોકો કાન તો રાખે છે પરંતુ સાંભળતા નથી દિલ રાખે છે પરંતુ સમજતા નથી. યાદ રાખો કે જે કઇ બયાન થાય તેને ધ્યાનપૂર્વક સાંભળો કેમકે જે ધ્યાનથી નથી સાંભળતો તે ભલેને લાંબા સમય સુધી લાભદાયી અસ્તિત્વની સંગતમાં રહે તેને કોઇ લાભ નથી પહોંચી શકતો.

હુઝુર અનવરે ફરમાવ્યુંઃ જલસાની કાર્યવાહી ગંભીરતાથી સાંભળો અને આ નિય્યતથી સાંભળો કે આનાથી આપણે ફક્ત અકલી આનંદ નથી ઉઠાવવો અથવા કોઇ ઇલ્મી વાત સાંભળીને થોડા સમય માટે ઇલ્મી આનંદ નથી ઉઠાવવો બલ્કે તેના માટે સાંભળવું છે આપણને હંમેશના માટે ઇલ્મી અને રૂહાની ફાયદો થાય.

અલ્લાહ તઆલાએ આપણા પર અહેસાન કર્યો છે આપણે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને માન્યા છે. આ અહેસાનનો હક આપણે એ રીતે અદા કરી શકીએ છીએ કે જ્યારે આપણે ફકત અલ્લાહ તઆલાની ખુશી માટે પ્રત્યેક કામ કરનાર બનીએ. માટે જ્યારે હઝરત મસીહ મૌઉદ અ.સ. આપણને નાની નાની વાતો તરફ ધ્યાન અપાવે છે તો એટલા માટે કે અમુક લોકોની કમજોરીની હાલત અધિક લોકોની સોચ ન બની જાય. અમુક લોકોને જોઇને આવનાર પેઢી એ ન સમજે કે જલસામાં બેસીને વાતો કરવી અને ધ્યાન ન આપવું જાયઝ છે. ફરમાવ્યું કે હું આ હવાલાથી વાત કરૂ છું તો માત્ર એટલા માટે કે યાદ અપાવતો રહું અને જો કોઇ કમજોરી છે તો સાથે સાથે દુર થઇ જાય જેથી નવા આવનાર જેવું કે મેં કહ્યું અને આપણા બાળકો અને આપણા નવજુવાનો આ વાતને સામે રાખે કે જલસાની મહત્તા શું છે. જો જલસો આપણી ઇલ્મી અને રૂહાની ઉન્નતિમાં પ્રમાણિત રૂપમાં પ્રભાવિત નથી થતું અને ઇન્સાની કમજોરીના તકાદા પ્રમાણે આપણામાંથી અમુક લોકો અમુક ભાષણો અને ભાષણકર્તાથી લાભ નથી મેળવતાં તો આ ચિંતાનો વિષય છે. અલ્લાહ તઆલા ભાષણકર્તાની જુબાનમાં બરકત નાખે કે તેઓ પોતાને સોંપેલ વિષયને સાંભળનારના મગજમાં એ રીતે ઉતારી શકે કે તે વાતો જે અલ્લાહ તઆલા અને રસૂલની વાતો છે જે ઇશ્કે વફાની વાતો છે જે તાલુક બિલ્લાહની વાતો છે જે મહોબ્બતે રસૂલની વાતો છે જે આંહઝરત સ.અ.વ.ના સાચા ગુલામ મસીહ મૌઉદ અને મહદી મઅહૂદથી તાલુક અને આજ્ઞાપાલનની વાતો છે લોકોના મગજમાં બેસી જાય અને પ્રમાણિત પ્રભાવ નાખનાર બને. પ્રત્યેક તે વ્યકિત જે જલસામાં આવ્યો છે આ વાતને ખરેખર ધ્યાનમાં રાખે કે તેણે આ ત્રણ દિવસમાં દુનિયાના મામલાઓ ભુલી જવા છે અને પોતાના દીની અને રૂહાની ધોરણ ઊચા કરવા છે અલ્લાહ તઆલા બધાંને આની તૌફીક આપે.

હઝરત મસીહ મૌઉદ અ.સ.ના મહેમાનોની સેવા માટે જે લોકો એ પોતાને પેશ કર્યા છે તેમાં કોલેજો,સ્કૂલો અને યુનિર્વસીટીઓના વિર્ધાર્થીઓ પણ છે અને અધિકતર સંખ્યા એવા લોકોની છે જે વેપાર કરે છે અથવા નોકરીઓ કરે છે. અમુક એવા છે કે મોટા આફીસરો છે પરંતુ હઝરત મસીહ મૌઉદ અ.સ.ના મહેમાનોની સેવા કરવાનો જોશ છે એટલા માટે એક સ્કૂલના વિર્ધાર્થીને એક મજુરને એક વેપાર કરનારને અને એક ઑફિસરને એક જ સ્તર પર લાવીને ઊભા કરી દીધા છે. માટે તે મહેમાન જે કાર્યસેવકો સામે અમુક વાર ખરાબ વર્તન કરે છે તેમણે પોતાના જઝબાત પર કંટ્રોલ કરવું જોઇએ અને કાર્યસેવકોની ઇજજત કરવી જોઇએ. ભલે ને કાર્યસેવકોને આ આદેશ આપવામાં આવે છે કે તેમણે પ્રત્યેક સમયે સબર અને હોસલાથી કામ લેવાનું છે પરંતુ ઇન્સાની તકાદા પ્રમાણે અમુક સમયે અમુક કાર્યસેવકો સખ્ત જવાબ પણ આપી દે છે. માટે મહેમાનોનું પણ કામ છે કે કાર્યસેવકોની ઇજ્જત કરે અને કોઇ એવું વર્તન ન દેખાડે જેનાથી નિઃસ્વાદ પેદા થવાની શકયતા ઊભી થાય. બાળકો અને નવજુવાનો એક જોશ સાથે કામ કરવા માટે આવે છે અને અમુક વાર મહેમાનોના ખરાબ વર્તનથી તેમનામાં નિરાશા પણ ઊભી થાય છે. અહેમદી જે જલસામાં સામેલ થવા માટે આવે છે બેશક તેઓ એક પ્રકારના મહેમાન છે પરંતુ તેમનો હેતુ મહેમાન બનીને રહેવું ન હોવુ જોઇએ તેઓ તો એટલા માટે આવે છે કે જલસાની બરકતથી હિસ્સો મેળવે, એટલા માટે તેમની રહેઠાણ તથા ભોજન વગેરેની વ્યવસ્થા હોય છે. પાર્કિંગમાં જો કોઇ કારણ સર પરેશાની થાય તો ખુલ્લા દિલથી અને હોસલા સાથે તે તકલીફને સહન કરવી જોઇએ. રબ્વાહમાં જે જલસો થાય છે અથવા કાદિયાનમાં થાય છે ઠંડીમાં અને ખુલ્લામાં થાય છે અને અમુક વાર વરસાદમાં પણ લોકો જલસો સાંભળે છે અને ઠંડી પણ સહન કરે છે માટે જલસામાં સામેલ થનારને જો આવી નાની મોટી તકલીફો સહન કરવી પડે તો કરવી જોઈએ. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ એક અવસર પર એવા જ લોકો વિશે ફરમાવ્યું કે  જે અમુક વસ્તુંઓ માંગે છે ફરમાવ્યું કે જુઓ જો કોઇ મહેમાન અહીંયા માત્ર એટલા માટે આવે છે કે અહીયા તેને આરામ મળશે,ઠંડા સરબત મળશે,સારૂ ભોજન મળશે તો તે જાણે વસ્તુંઓ માટે આવે છે નહીંતર સ્વયં મેઝબાનનું કર્તવ્ય છે કે યથા શકિત મહેમાન નવાઝીમાં કોઇ કમી ન કરે અને તેને આરામ પહોંચાડે અને પહોચાડે છે પરંતુ મહેમાનનો સ્વયં એવો ખ્યાલ કરવો તેના માટે હાનિ કારક છે. માટે મહેમાન તે સમયે જે પણ સહુલત હોય તેના પર અલ્લાહ તઆલાનો આભાર માને અને તે કાર્યસેવકોનો આભાર માને જે પોતાની રાત દિવસ એક કરીને પ્રત્યેક

વિભાગમાં મહેમાન નવાઝીનો અધિકાર અદા કરવાની કોશિશ કરે છે મહેમાને આ જલસાના ત્રણ દિવસોમાં આ કોશિશમાં રહેવું જોઇએ કે અલ્લાહ તઆલાને ખુશ કરવાના માટે કયા સાધનો કરવા છે અલ્લાહ તઆલાનો ફઝલ માંગતાં આ દિવસો ગુજારે પોતાની ભલાઇ માંગતાં ગુજારે અને પ્રત્યેક દુષ્ટતાથી અલ્લાહ તઆલાની પનાહ માંગતા ગુજારે. આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે જે વ્યકિત કોઇ સ્થાને રહેઠાણ કરતાં અથવા પડાવ નાખતાં આ દુઆ માંગે કે હું અલ્લાહ તઆલાના સંપૂણ કલમાતની પનાહમાં આવું છું અને પ્રત્યેક દુષ્ટતાથી અલ્લાહની પનાહ ચાહું છું તો ફરમાવ્યું કે એવા વ્યકિતને તે રહેઠાણ છોડવા સુધી કોઇ વસ્તું નુકશાન ન પહોચાડી શકશે. આમ દરેક પ્રકારની તકલીફથી બચવા માટે આપણે દુઆઓ માંગતાં રહેવું જોઇએ અને આ પણ દરેક જાણે છે કે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે દુઆની કબુલીયત માટે ઇબાદતનો હક અદા કરવું પણ જરૂરી છે. અલ્લાહ તઆલાની વાતો પર અમલ કરવું પણ જરૂરી છે. માટે આ દિવસોમાં આ પ્રકારથી પણ પોતાના જીવનને ઢાળે અને માત્ર આ દિવસોમાં જ નહી બલ્કે પછી આ જે આદત પડે પ્રત્યેકના જીવનનો હંમેશનો ભાગ બની જાય.

જલસામાં સામેલ થનાર લોકો આ વાતનો પણ ખાસ ધ્યાન રાખે કે નમાઝોના સમયમાં સમય સર આવીને બેસી જાય જેથી બાદમાં આવનાર લોકોના કારણે શોર બકોર ન થાય અને જે પહેલાં આવીને બેસી ગયા છે તેઓ દુઆઓ અને ઝીકરે ઇલાહી કરતાં રહે તેનો પણ પુણ્ય છે. અલ્લાહ તઆલા તો પ્રત્યેક નાની નાની વસ્તુંનો પુણ્ય આપે છે મસ્જીદમાં રાહ જોઇને બેસી રહેવું તે પણ પુણ્ય છે. માટે આ પુણ્યોને વ્યર્થ ન જવા દેવા જોઇએ અને આ જ તે ત્રણ દિવસોનો ખરેખર ઉપયોગ છે સિવાય તેના કે બહાર બેસીને વાતો કરવા કરેં અને જ્યારે હું આવી જઉ અને નમાઝ શરૂ થઇ જાય તો પછી લોકો અંદર આવવાનું શરૂ થાય તો જેવું કે મેં કહ્યું કે તે સમયે પછી લાકડાંના તળીયાના કારણે જે નમાઝીઓની નમાઝ પઢી રહ્યા હોય છે તેમની નમાઝ ડીર્સ્ટબ થાય છે. તેવી જ રીતે નમાઝોના સમયમાં અને જલસાના સમયમાં પોતાના ફોન બંધ કરી લે અથવા તો સાઇલેન્ટ કરી લે.

તેવી જ રીતે જલસામાં સામેલ થવા માટે જે કારોમાં આવે છે તેઓ આ વાતનો પણ ખ્યાલ રાખે કે ટ્રાન્સપોર્ટના વિભાગ સાથે સહયોગ કરે જેથી વ્યવસ્થા કર્તાને કોઇ તકલીફ ન થાય. કોઇ પણ વ્યવસ્થાને સારી રીતે ચલાવવા માટે જલસામાં આવનારના સહયોગ જરૂરી છે સ્કેનીંગના વિભાગમાં સંપૂણ સહયોગ કરો. આ તમામ વ્યવસ્થા સામેલ થનારની સહુલત અને સુરક્ષા માટે છે. જમાઅત અહેમદિયાની સુંદરતા એમાં જ છે કે પ્રત્યેક અહેમદી વ્યવસ્થાનો ભાગ છે ચાહે તે કાર્યસેવકા હોય અથવા જલસામાં સામેલ થનાર હોય. આમ ખાસ કરીને પાર્કિંગ,સ્કેનીંગ,ભોજન સ્થાન અને જલસા સ્થાન તેમાં પ્રત્યેક સમયે પ્રત્યેક વ્યકિતએ હોંશિયાર અને ચોકકસ રહેવાની જરૂર છે માહોલ પર નઝર રાખવાની જરૂર છે જ્યાં પણ કોઇ અસાધારણ વસ્તું જુઓ અથવા કોઇ અસાધારણ હરકત જુઓ તો તરત જ વ્યવસ્થા કર્તાને જાણ કરે અને સ્વયં પણ હોશિયાર થઇ જાય.

જલસાના દિવસોમાં અમુક વિભાગોએ પોતાના પ્રદર્શન પણ લગાવ્યા છે જેમાં વિભાગ ઇતિહાસ અને રીવ્યૂ ઑફ રીલીજીયંન્સ એ પણ કુરાન શરીફના નુસ્ખા અને હઝરત ઇસા અ.સ.ના કફનના હવાલાથી પ્રદર્શનની વ્યવસ્થા કરી છે જે રીતે પાછલાં વર્ષે કરી હતી આ વર્ષે શાયદ અધિક સારૂ કર્યુ હોય. આ બન્ને પોતાની જાણકારી પ્રમાણે પ્રદર્શન છે પુરૂષો તથા સ્ત્રીઓ માટે અલગ અલગ સમય રાખેલ છે તેનાથી લાભ મેળવવાનો પ્રયત્ન કરે. અને પછી ફરીથી હું કહીશ કે વિશેષ રૂપમાં દુઆ તરફ ધ્યાન આપે અને નમાઝો તથા નવાફીલ અને ઝીકરે ઇલાહી અને દુરૂદ શરીફ પઢવું અને બીજી દુઆઓ કરવામાં સમય ગુજારે.

અલ્લાહ તઆલા આ જલસાને દરેક પ્રકારે બરકતી બનાવે અને અમારી દુઆઓ કબુલ કરે અને પ્રત્યેક દુષ્ટતાથી આપણને સુરક્ષિત રાખે. આમીન

| Khulasa Khutba Jumma Huzoor Anwar 12 August 2016 |
| --- |
| BOOK POST (Printed Matter)<br>To.........................................................................................................<br>.........................................................................................................<br>.........................................................................................................<br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 Gujarat. |